ગાંધીનગર સમાચાર

ધરમ કરતા ધાડ પડી તે આનુ નામ..!!!




(તસવીર : કશ્યપ નિમાવત)

સ્માર્ટ સિટી માટે ઝુંબેશ - પાટનગર ગાંધીનગર સ્માર્ટ સિટી બનવા તરફની ગતિ તીવ્ર બની રહી છે... ગંદકી અને દબાણ જે શહેર માટે કલંકરૂપ હતા તેમને હટાવવા તંત્ર દ્વારા ભારે જહેમત ઉઠાવાઈ રહી છે... બીજી તરફ હાઈકોર્ટમાં અપાયેલી ખાતરી મુજબ ૭મી સુધીમાં શહેરના તમામ દબાણો હટાવવા વહીવટી તંત્રની તમામ પાંખો તત્પર બની છે... ગાંધીનગર હવે સ્વચ્છ બનશે અને સ્વસ્થ બનશે... ગેરકાયદેસર દબાણો હટાવતા શહેરની સુંદરતામાં વધુ ઉમેરો થશે... શનિવારે સેક્ટર-૧૬ના ગેરકાયદેસર દબાણો હટાવાયા... આગામી દિવસોમાં બીજા વિસ્તારોમાં આવેલા ગેરકાયદેસર દબાણો હટાવવાની ઝુંબેશ તીવ્ર બનાવવામાં આવશે... જો આવી જ રીતે કામગીરી ચાલશે તો આગામી દિવસોમાં સ્માર્ટસિટીનું સ્વપ્ન સાકાર થશે....

# ટાવર કોલોનીના નિર્માણનુ કામ શરૂ : દોઢ વર્ષમાં તૈયાર થશે

## સે-૭માં અને સે-૨૯માં વિવિધ ૨૫ બ્લોકમાં ૮૦૦ મકાનો બનશે : નવી સરકારી વસાહતને કોર્પોરેટ લુક અપાશે : દોઢસો કરોડનો તોતિંગ ખર્ચ થશે

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં દાયકાઓના અંતે અદ્યતન સરકારી મકાનો બાંધવામાં આવશે. સેકટરમાં ટાવર કોલોનીનુ નિર્માણ કરવાના મામલે આખરે સ્થળ પસંદગી કરી દેવામાં આવી છે. સેકટર-૭ અને સે-૨૯માં સરકારી રહેણાંકના બ્લોક તૈયાર કરવામાં આવશે. નવા આવાસ બાંધવાનુ કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. વિવિધ ૨૫ બ્લોક બાંધવા માટે રૂ ૧૫૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ટાવર કોલોની અન્વયે ૮૦૦ મકાનો તૈયાર થશે જયારે વસાહતીઓને કોર્પોરેટ લુક સાથે તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

શહેરમાં હાલની સ્થિતિએ સેકટરોમાં વિવિધ કેટેગરીના અંદાજીત ૧૬ હજાર જેટલા મકાનો છે. પરંતુ નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા ઉપરાંત મોટાભાગના આવાસો બિસ્માર હાલતમાં હોવાથી રહેણાંકની દ્રષ્ટિએ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા સરકારી આવાસોનુ મજબુતીકરણ પણ હાથ ધરવામાં આવ્યુ છે. પરંતુ તંત્રના ચોપડે મકાનોની માંગણી સંદર્ભે અરજદારોની યાદી પણ મોટી છે. ત્યારે અરજદારોને આવા સંજોગોમાં મકાનોની ફાળવણી કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. ગત વર્ષ દરમિયાન શહેરમાં નવા સરકારી બ્લોક બનાવવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતના નવા નેતાની પસંદગી અંગે ઘેરૂ બનતુ રહસ્ય !!

## સભ્યોએ સર્વસંમત ઉમેદવારની પસંદગીનો આગ્રહ નિરીક્ષકોને કર્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી માટે આજે પ્રદેશના નિરીક્ષકોએ સભ્યોના મન જાણ્યા હતા અને કાલે પ્રદેશ નેતાઓને તેમનો અહેવાલ આપશે.

આજે ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે કોંગ્રેસના નિરીક્ષકો તરીકે આવેલા પૂર્વ ગૃહરાજ્યમંત્રી શ્રી નરેશ રાવલ, શ્રી બળદેવ લુણી તથા પૂર્વધારાસભ્ય શ્રીમતિ રમીલાબેન દેસાઈએ સભ્યોની રજુઆતો સાંભળી હતી.

આ નિરીક્ષકોએ જિલ્લા કોંગ્રેસના આગેવાનો તથા ધારાસભ્યો સાથે પણ ચર્ચા વિચારણા કરી હતી. શાંતિ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિરીક્ષકોએ રજુઆતો સાંભળી હતી. આજે સભ્યોએ સર્વસંમત પસંદગીનો આગ્રહ વધુ વ્યક્ત કર્યો હતો.

નિરીક્ષકો રવિવારે સવારે પ્રદેશ નેતાઓની ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામતની હાજરીમાં મળનારી બેઠકમાં તેમનો અહેવાલ આપશે. આ પછી તેમાં ચર્ચા-વિચારણા કરી આખરી પસંદગી કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# ધરમ કરતા ધાડ પડી તે આનુ નામ..!!!



## અમદાવાદના વયોવૃદ્ધ રીક્ષાચાલકને માતાની બિમારીનું તરકટ રચી એક યુવાન ગાંધીનગર સુધી લાવી છેતરી ગયો : રીક્ષાભાડુ તો ના આપ્યું ઉપરથી રૂ. ૭૦૦ પણ પડાવી ગયો

ગાંધીનગર, તા. ૧૯

ધરમ કરવા જતા ધાડ પડી તે આનું નામ..!!! અમદાવાદથી રીક્ષા લઈને આવેલ એક વણિક યુવાન સે. ૧૧ ખાતેથી વયોવૃદ્ધ ગરીબ રીક્ષાચાલકને છેતરી ભાડુ આપ્યા વગર ઉપરથી વધુ રૂપિયા ૭૦૦ પડાવી ગયો હતો. આજે બપોરના સમયે સે. ૧૧માં વિજય કોમ્પલેક્ષ સામે બનેલી આ ઘટનાથી અનેક નગરજનોએ અચંબિત થઈ ઠગ યુવાન પર ફિટકાર વરસાવ્યો હતો.

અમદાવાદના સરખેજ વિસ્તારના વયોવૃદ્ધ રીક્ષાચાલક સિદ્દિકભાઈ શેખ આજે તેમની રીક્ષા નં. જીજે.૦૧.ડીવી.૪૫૧૭માં ધરણીધર દેરાસરથી એક યુવાનને બેસાડી ગાંધીનગરની વર્ધી લઈને આવ્યા હતા. પોતાને વણિક તરીકે ઓળખાવતા આ યુવાન તેમને સે. ૧૧ ખાતેના વિજય શોપીંગ સેન્ટરમાં એક મશીનરીની દુકાનેથી માલસામાન ખરીદવાનો છે તેવુ કહી રીક્ષા ભાડે કરી લઈને આવ્યો હતો. વિજય શોપીંગ પહોંચ્યા પછી એક

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૧૧ શાલીન કોમ્પલેક્ષના પાર્કિંગમાં યુવાન પર હિંસક હૂમલો

## ગાડી લઈને આવેલા શખ્સો લોખંડની પાઈપ વડે યુવાન પર તુટી પડ્યા : લોહીલુહાણ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયો

ગાંધીનગર, તા. ૧૯

શહેરના સેક્ટર-૧૧ સ્થિત શાલીન કોમ્પલેક્ષ બહાર પાર્કિંગમાં સમી સાંજે એક યુવાન પર ગાડી લઈને આવેલા ત્રણ શખ્સોએ જીવલેણ હૂમલો કર્યો હતો. લોખંડની પાઈપ વડે માર મારીને યુવાનને ગંભીર હાલતમાં છોડી હૂમલાખોરો ફરાર થઈ ગયા હતા. ઘાયલ યુવાનને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. સેક્ટર-૭ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પરંતુ યુવાન ઓપરેશન થિયેટરમાં હોવાથી હૂમલાખોરો તથા હૂમલાનું ઠોસ કારણ જાણી શકી ન હતી. પોલીસે યુવાન સંપૂર્ણ ભાનમાં આવે ત્યારબાદ નિવેદન લઈ ફરીયાદ દાખલ કરશે.

શહેરના સેક્ટર-૧ પ્લોટ નં. ૪૩૮/૨ ખાતે રહેતા અને સેક્ટર-૧૧માં મકાનના સર્વિસ મેન્ટેનન્સની ઓફીસ ચલાવતા ચેતનભાઈ મનુભાઈ બારોટ આજે સાંજે ઓફીસથી નીકળ્યા બાદ પાર્કિંગ તરફ જઈ રહ્યા હતા ત્યારે ગાડી લઈને ત્રણેક શખ્સો લોખંડની પાઈપો સાથે આવ્યા અને ઢોર માર મારીને હૂમલાખોરો ગાડીમાં ભાગી ગયા હતા. લોહીલુહાણ હાલતમાં ચેતનભાઈને ગાંધીનગર સિવિલ લઈ જવાતા તાત્કાલિક ઓપરેશન થિયેટરમાં તબીબો લઈ ગયા હતા. હૂમલાખોરોને ઘાયલ યુવાન સારી રીતે જાણતો હોવાનું હોસ્પિટલમાં આવેલા યુવાનના પરીવારજનોનું કહેવુ હતુ. છેલ્લા ઘણા સમયથી બ્લડપ્રેશરથી દવાઓ વધુ લેતા હોવાનું અને સતત બેચેન રહેતા હોવાનું ચેતનભાઈના પત્નિએ જણાવ્યું હતું. ગંભીર સમસ્યાઓનો સામનો ચેતનભાઈ કરી રહ્યા હોવાના એંધાણ તેમની પત્નિએ વ્યક્ત કરી હતી. સેક્ટર-૭ પોલીસે ફરીયાદ લેવાની તજવીજ શરૂ કરી છે.

# જિલ્લાના માણસા પંથકમાં દિવેલા અને શાકભાજીના પાકોમાં ઈયળો જોવા મળી

## માણસા તાલુકામાં દિવેલાના પાકમાં તથા જિલ્લામાં શાકભાજીના પાકમાં ઉપદ્રવ જોવા મળતાં તંત્ર હરકતમાં : દવાનો છંટકાવ કરવા ખેડૂતોને અપાયેલી સલાહ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ખાસ કરીને માણસા પંથકમાં દિવેલાના પાકમાં દિવેલાની ગાંઠાની ઈટળ અને સુચિયા જીવાત તેમજ શાકભાજીના પાકોમાં લીલી ઈયળનો ઉપદ્રવ જોવા મળતાં ખેડૂતો ચોંકી ઉઠ્યા છે.

આ જિવાતોના ઉપદ્રવની જાણ જિલ્લા ખેતીવાડી તંત્રને થતાં જ તાત્કાલિક દવા છંટકાવની કામગીરી કરવા ખેડૂતોને જણાવવામાં આવ્યુ છે તેમજ કઈ દવાનો કેટલો છંટકાવ કરવો તે માટે ગ્રામસેવકનો સંપર્ક કરવા માટે પણ ખેડૂતોને અપીલ કરવામાં આવી છે.

રૂઢિચુસ્ત અને પરંપરાગત ખેતી કાર્ય કરતા ખેડૂતોને દવાનો છંટકાવ તાત્કાલિક કરવા માટે તંત્રના અધિકારીઓએ અપીલ કરી છે.

જિલ્લામાં એક તરફ રવિસીઝનની વાવણીની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે ઉભી થયેલી આ સ્થિતિને કારણે ખેડૂતો ચિંતાતુર બની ગયા છે.

શાકભાજીના પાકોમાં પણ લીલી ઈયળનો ઉપદ્રવ જોવા મળ્યો છે. તેનાથી ખેડૂતોમાં થોડીક વધુ ચિંતા જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

સત્યમેવ જયતે

એન.એસ.એસ.ના 73માં તબક્કાનું સર્વેક્ષણ

નેશનલ સેમ્પલ સર્વે ઓફીસ દ્વારા અપીલ

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત નેશનલ સેમ્પલ સર્વે ઓફીસ (એન.એસ.એસ.ઓ.) દ્વારા યોજના અને નીતિ નિર્ધારણ માટે આંકડાઓ એકત્રિત કરવાના ઉદ્દેશ્ય માટે જુદા જુદા સામાજિક મુદ્દાઓ સંબંધિત દેશવ્યાપી સર્વેનું આયોજન કરવામાં આવે છે. તારીખ ૧ જુલાઈ, ૨૦૧૫થી તારીખ ૩૦ જુન, ૨૦૧૬ દરમિયાન વર્તમાન સર્વે અંતર્ગત સંપૂર્ણ દેશમાંથી ઉત્પાદન, વ્યાપાર અને અન્ય સેવાઓ (બાંધકામ સિવાય) ક્ષેત્રમાં સમાવેશ પામેલ અસંગઠિત કૃષિ સિવાયના ઉદ્યમોના આર્થિક તથા સંચાલનની વિશેષતાઓની જાણકારી એકત્ર કરવામાં આવશે.

આ ઉદ્દેશ્ય માટે એન.એસ.એસ.ઓ.ના ફીલ્ડ ઓફીસરો અપેક્ષિત જાણકારી મેળવવા માટે ચુંટેલ ઉદ્યમોની મુલાકાત લેશે. અમે જાણકારી આપનાર (ઉદ્યમોના માલિકો / સંચાલકો)ને અપીલ કરીએ છીએ કે, એન.એસ.એસ.ઓ.ના ફીલ્ડ અધિકારીઓને સાથ સહયોગ આપી સાચી અને પૂર્ણ જાણકારી ઉપલબ્ધ કરવો. એકત્ર કરેલ જાણકારીના વિશ્લેષણના આધાર પર યોગ્ય નિર્ણય લેવામાં સરકારને સુવિધા રહેશે.

પરિવારો / ઉદ્યમો દ્વારા અપાયેલ જાણકારી ગુપ્ત રાખવામાં આવશે.

National Sample Survey Office

વિકાસ માટે આંકડાઓ

નેશનલ સેમ્પલ સર્વે ઓફીસ

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય, ભારત સરકાર

www.mospi.gov.in

davp 39102/13/0021/1516

જોઈએ છે

એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ

બેન્કીંગ-એકાઉન્ટીંગ કામના જાણકાર

બાયોડેટા સાથે રૂબરૂ મળો.


સંપર્ક :

સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.

૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

તા. ૨૨/૧૨/૧૫, સમય ૧૧-૩૦ કલાકે

7મી વખત ગાંધીનગરમાં



ARAVALLI Art & Craft Festival - 2015

૨૦ ડિસેમ્બરથી શુભારંભ

ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું

પ્રદર્શન અને વેચાણ

TIME : 11.00 AM to 10.00 PM

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયડરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલક્તાનું ટેકારોટા તથા કાપા કોટન ટોપ્સ

એન્ટ્રી પાર્કીંગ ફ્રી

ઘ-૩ સર્કલ, સેક્ટર-૬ ગ્રાઉન્ડ, ગાંધીનગર



પેથાપુર ગામમાં કચરિયાની ઘાણી...

શિવમ્ ઘાણી કચરિયું

જુના અને જાણીતા કચરિયું, ચીકી તેમજ અવનવી વેરાઈટીઝમાં કચરિયું મળશે. તેમજ કચરિયું આપના તલ લાવી આપશો તો કચરિયું કાઢી આપવામાં આવશે. અમારે ત્યાંથી સૂંઠ, ગંઠોડા, બદામ, કાજુ, તલ, ગોળ પણ મળશે.

ખોડિયાર કિરાણા સ્ટોર્સ

રામદેવ મંદિરની બાજુમાં, પેથાપુર

પ્રો. સતિષકુમાર સોમચંદ મોદી

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧

ફોન - ૨૩૨૩૭૫૭૧

વિશ્વા મંડપ ડેકોરેટર્સ

કેટરર્સ

દરેક શુભ પ્રસંગે મંડપ, મેરેજ સ્ટેજ, રીસેપ્શન સ્ટેજ, લાઈટ, ગાદલા, ખુરશી, રસોઈના વાસણો ભાડેથી મળશે.

- પીરસનાર સ્ટાફ, રસોઈ (બુફે કાઉન્ટર)
- અમારે ત્યા દરેક શુભ પ્રસંગે લેબર તથા ડીસ કોન્ટ્રાક્ટથી ઓર્ડર લેવામાં આવશે.
- શુભ પ્રસંગે રસોઈ તથા મંડપના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

મુ. પેથાપુર, અંબિકા ચોક, બજારમાં, તા.જી. ગાંધીનગર

પ્રો. મહેશભાઈ બી. દરજી

મો. ૯૭૧૪૮૯૮૯૯૯, ૯૮૨૪૦ ૦૯૧૨૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com